# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-05-2024** **Morning : 7.10 to 7.20**
**Day: Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **નીકિતા શાહ** વાંચે છે.

---

- ❖ લોકસભા ચૂંટણીના પાંચમાં તબક્કામાં આજે છ રાજ્યો અને 2 કેન્દ્રશાસિત પ્રદેશની 49 બેઠકો પર મતદાનનો પ્રારંભ
- ❖ આ તબક્કામાં કેન્દ્રીય મંત્રી રાજનાથસિંહ, સ્મૃતિ ઈરાની અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સહિત દિગ્ગજ નેતાઓ મેદાનમાં.
- ❖ રાજ્યમાં તીવ્ર ગરમીનું મોજું યથાવત – અનેક શહેરોમાં મહત્તમ તાપમાન 45 ડિગ્રીને પાર.
- ❖ જામનગર જિલ્લાની ઊંડ-1 સિંચાઈ યોજનામાંથી ડેમના નીચાણ વાસમાં આવેલા ચેકડેમ ભરવા માટે સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી છે.
- ❖ રાજ્ય સરકારના જણાવ્યા અનુસાર આધારકાર્ડ પ્રમાણે જન્મ પ્રમાણપત્રમાં સુધારા માટે સોગંદનામાની જરૂર નહી.

----------------------------------------------------------------------------------------

## FIFTH PHASE ELECTION

લોકસભાની ચૂંટણીના પાંચમા તબક્કાના મતદાનનો પ્રારંભ થયો છે. 8 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની 49 બેઠકો માટે સવારે સાત વાગે મતદાન શરૂ

થયું છે. લોકસભાની સાથે સાથે ઓડિશા વિધાનસભાની 35 બેઠકો માટે પણ મતદાન યોજાઈ રહ્યું છે.

આ તબક્કામાં ઉત્તર પ્રદેશની ૧૪, મહારાષ્ટ્રની ૧૩, પશ્ચિમ બંગાળની ૭, ઓડિશા અને બિહારની ૫-૫, ઝારખંડની 3 અને જમ્મુ-કાશ્મીર અને લદ્દાખની ૧-૧ બેઠક પર મતદાન યોજાઇ રહ્યું છે. ૪૯ બેઠકો માટે કુલ ૮.૯૫ કરોડ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. આ માટે કુલ ૯૪ હજાર ૭૩૨ મતદાન કેન્દ્રો ઉભા કરાયા છે.

આ તબક્કાના દિગ્ગજ ઉમેદવારોમાં કેન્દ્રીય મંત્રીઓ રાજનાથ સિંહ, સ્મૃતિ ઇરાની, પિયુષ ગોયલ તેમજ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ રાહુલ ગાંધી, જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યપ્રધાન ઉમર અબ્દુલ્લાહ, લોક જનશક્તિ પાર્ટીના ચિરાગ પાસવાન અને રાષ્ટ્રીય જનતા દળના રોહિણી આચાર્યનો સમાવેશ થાય છે.

-----------------------------------------------------------------------

## **Heat** Wave

રાજ્યમાં ભારે ગરમીના પગલે આરોગ્ય સમસ્યાઓમાં વધારો થયો છે. ગરમીના કારણે તાવ, પેટમાં દુખાવો, ઝાડા-ઉલટીના કેસોમાં વધારો થયો છે.

ભારે ગરમીના પગલે લૂ લાગવાના, હિટ સ્ટ્રોકના તથા ચક્કર ખાઈ બેભાન થવાના કિસ્સાઓમાં પણ વધારો થયો છે. છેલ્લાં એક અઠવાડિયામાં 108 એમ્બ્યુલન્સ સર્વિસને 529 જેટલા ઈમરજન્સી કોલ્સ આવ્યા છે.

વહીવટીતંત્ર દ્વારા ગરમીથી બચવા, બપોરના સમયે જરૂર વગર બહાર ન નીકળવા, હળવા વસ્ત્રો પહેરવા તથા સતત પાણી પીવાનો આગ્રહ કરાયો છે. વૃદ્ધો અને બાળકોને ગરમીમાં વિશેષ કાળજી  રાખવા જણાવાયું છે.

-----------------------------------------------------------------------

# Heat Wave State

રાજ્યમાં કેટલાંક ભાગોમાં કમોસમી વરસાદ બાદ કાળઝાળ ગરમી પડી રહી છે. ગઇકાલે રાજ્યનાં અનેક શહેરોમાં તાપમાન 45 ડિગ્રી સેલ્સિયને પાર થયું હતું. આ મોસમમાં પ્રથમ વાર અમદાવાદમાં તાપમાન 44.9 ડિગ્રી સુધી પહોંચી ગયું હતું.

એરપોર્ટ ખાતે મહત્તમ તાપમાન 46.46 ડિગ્રી નોંધાયું હતું. રાજ્યમાં સૌથી વધુ તાપમાન સુરેન્દ્રનગરમાં 45.3 ડિગ્રી સેલ્સિયસ અને ડિસામાં 45.1 ડિગ્રી નોંધાયું હતું. ગુજરાતનાં અન્ય શહેરોની વાત કરીએ તો, ગાંધીનગરમાં 44.2, વલ્લભ વિદ્યાનગરમાં 44.1, વડોદરામાં 44, ભૂજમાં 42.8, કંડલામાં 44.3, અમરેલીમાં 44.6, ભાવનગરમાં 44.6, રાજકોટમાં 44 ડિગ્રી અને કેશોદમાં 43.1 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું.

ઉત્તર પશ્ચિમ ભારતથી આવતા પવનને કારણે ગુજરાતમાં તાપમાન વધી રહ્યું છે. હવામાન વિભાગનાં જણાવ્યા પ્રમાણે આગામી ચાર-પાંચ દિવસ દરમિયાન કચ્છ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતનાં ભાગોમાં તીવ્ર ગરમીનું મોજું યથાવત રહેશે.

જો કે, તીવ્ર ગરમી વચ્ચે રાહતનાં સમાચાર એ છે કે નૈઋત્યનું ચોમાસુ સક્રિય થઇને રવિવારે આંદામાન નિકોબારમાં નિર્ધારિત કરતાં ત્રણ દિવસ વહેલુ પહોંચી ગયું છે. આ વખતે કેરળમાં મે મહિનાના અંતમાં જ ચોમાસુ બેસે તેવી હવામાન ખાતાની આગાહી છે.

--------------------------------------------------------------

# Jamnagar dam water

જામનગર તાલુકાના નંદપુર ગામ પાસે આવેલા ઊંડ-1 સિંચાઈ યોજનામાંથી ડેમના નીચાણ વાસમાં આવેલા ચેકડેમ ભરવા માટે સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી છે.

અમારા જામનગર સ્થિત પ્રતિનિધિ જગત રાવલના અહેવાલ પ્રમાણે 21મેનાં રોજ સવારે સાત વાગ્યા બાદ ઊંડ -1 ડેમના દરવાજા ખોલી નાખવામાં આવશે, અને નદીમાં પાણી છોડવામાં આવશે. આને કારણે ડેમના નીચાણવાસના ગામો ધ્રાંગડા, ખંભાલીડા, મોટોવાસ અને નાનોવાસ, રોજીયા, રવાણી ખીજડીયા, તમાચણ, માનસર, હમાપર, વિરાણી ખીજડીયા, વાંકીયા, સોયલ અને નથુવડલાના તમામ નાગરિકોએ નદીના પટમાં અવર-જવર ન કરવા તંત્ર દ્વારા સૂચના આપવામાં આવી છે. એક અન્ય અહેવાલ પ્રમાણે મત્સ્યોદ્યોગ નિયામક, ગાંધીનગરના પરિપત્ર પ્રમાણે, જામનગર જિલ્લામાં દરિયાઈ કાંઠાના પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય જળ વિસ્તારમાં આગામી તા. 1 જૂનથી 31 જુલાઇ દરમિયાન યાંત્રિક બોટ દ્વારા માછીમારી પર પ્રતિબંધ મૂકાયો છે.

આ પ્રતિબંધાત્મક હુકમ લાકડાની બિન યાંત્રિક હોડી, શઢવાળી હોડી અને પગડીયા માછીમારોને લાગુ પડશે નહીં.

---------------------------------------------------------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

---

# Aadhar Card- Birth Certificate

**રાજ્ય સરકાર દ્વારા જન્મના પ્રમાણપત્ર અંગે ચાલતી દ્વિધા બાબતે સ્પષ્ટતા કરવામાં આવી છે.**

**બાળકના જન્મ પ્રમાણપત્રમાં નામ અલગ હોય અને આધારકાર્ડમાં નામ અલગ હોય તે સંજોગોમાં આધારકાર્ડ પ્રમાણેનું જન્મ પ્રમાણપત્ર આપવાનું થાય ત્યારે કોઈ પણ પ્રકારનું સોગંદનામું કરાવવાની જરૂર નથી એમ રાજ્યનાં આરોગ્ય કમિશનરે પરિપત્ર દ્વારા સ્પષ્ટતા કરી છે.**

**તેમણે વધુમાં જણાવ્યું છે કે, આધારકાર્ડ પ્રમાણે સુધારો કરેલું જન્મ પ્રમાણપત્ર આપતી વખતે કોઈ પણ ફી વસૂલવામાં આવશે નહીં. આરોગ્ય કમિશનર દ્વારા રજિસ્ટ્રાર અને જિલ્લા આરોગ્ય અધિકારીને આ અંગે તાકીદ કરવામાં આવી છે.**

---

# Songarh Forest

સોનગઢ વનવિભાગે મલંગદેવ રેન્જમાંથી દીપડાના અવયવ સાથે ચાર આરોપીને ઝડપી લીધા છે. આરોપીઓ વિરુદ્ધ દીપડાનો શિકાર કરી અવયવોની ખરીદ વેચાણ કરવાનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. વનવિભાગે ચાર આરોપી પાસેથી દીપડાના બે પગ કબ્જે કરીને અન્ય અવયવની શોધખોળ તેમજ અન્ય આરોપીઓને ઝડપી પાડવાની કાર્યવાહી હાથ ધરી છે.

દરમિયાન અમરેલી રાજુલા રેન્જ વિસ્તારમાં રેસ્ક્યુ વખતે સિંહે વન કર્મચારી પર હુમલો કરવાની ઘટના બની છે. અમારા પ્રતિનિધિ જણાવે છે કે, પીપાવાવ પોર્ટના તળાવ વિસ્તારમાં રેસ્ક્યૂ દરમિયાન બનેલી ઘટનામાં વન

કર્મચારીનો પગ ઈજાગ્રસ્ત બન્યો છે. ઈજાગ્રસ્ત વનકર્મચારીને રાજુલા સિવિલ હોસ્પિટલમાં સારવાર અપાઈ રહી છે.

--------------------------------------------------------------------

## Entry Cell

અમદાવાદમાં ધોરણ નવથી 12માં વિદ્યાર્થીઓને પ્રવેશની સમસ્યા ન સર્જાયઅને કોઈ વિદ્યાર્થી પ્રવેશથી વંચિત ન રહી જાય તે માટે પ્રવેશ સેલની રચના કરવામાંઆવી છે. મળતી વિગતો મુજબ અમદાવાદ શહેર ડીઈઓ તાબા હેઠળ આવતી તમામ સરકારી,ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ શાળાઓમાં ધોરણ નવથી 12ના તમામ વિદ્યાર્થીઓ માટે નિયમાનુસારની કાર્યવાહી કરવા પ્રવેશ સેલ બનાવવાનો નિર્ણય કરાયો છે. આ પ્રવેશ સેલપ્રવેશ અંગેની કાર્યવાહી કરશે ઉપરાંત આરટીઈના વિદ્યાર્થીઓના પ્રવેશ અંતર્ગત માર્ગદર્શન આપશે.

--------------------------------------------------------------------

## Gippet

Mpharmમાં પ્રવેશ માટેની જીપેટ 8મી જૂને યોજાશે. ઉલ્લેખનીય છે કે, જીપેટ માટેની પ્રવેશ પત્રો અને ફી ભરવાની પ્રક્રિયા પૂર્ણ કરાઈ છે. ઉમેદવારો 21થી 23મી મે સુધીમાં પોતાની વિગતોમાં સુધારો કરી શકશે. અંતિમ કરેક્શન વિન્ડો 28 થી 30 મે સુધી ખુલ્લી રહેશે. ત્રીજી જૂને એડમિટ કાર્ડ જાહેર કરાશે.

--------------------------------------------------------------------

# Haridwar Train

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને સાબરમતી-હરિદ્વાર સ્પેશિયલ ટ્રેનને પિંડવારા સ્ટેશને વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે. આવતા અને જતા આ ટ્રેન બે મિનિટ માટે પિંડવારા સ્ટેસને ઊભી રહેશે. આ ઉપરાંત, વિસનગર-મહેસાણા સેક્શનનાં ગુંજા હોલ્ટ સ્ટેશને તાત્કાલિક અસરથી ટિકિટ બુકિંગ શરૂ કરવામાં આવશે.

--------------------------------------------------------------------

# Veraval GIDC Wood cutting

વેરાવળના જી.આઈ.ડી.સી. વિસ્તારમાં અનેક એકમો દ્વારા અનઅધિકૃતરીતે લાકડાનો જથ્થો વગર પરવાનગીએ સંગ્રહ કરતાં હોવાની બાતમીને આધારે જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ કડક કાર્યવાહીનાં આદેશો આપ્યા છે.

જીઆઇડીસી વિસ્તારમાં કુલ 11 એકમમાં વગર પરવાનગીએ સરપણ લાકડાનો આશરે 958 ટનજેટલો જથ્થો અનધિકૃત રીતે સંગ્રહિત કર્યાહોવાનું ધ્યાનમાં આવ્યું હતું. આ લાકડાનું મૂલ્ય આશરે રૂ.47 લાખ 90,000 છે. આ જથ્થાને જપ્ત કરીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

રાજ્ય સરકાર દ્વારા વૃક્ષ અને જંગલ બચાવવાના હેતુ માટે કોઈપણ ઝાડને કાપતા પહેલા મામલતદારની પરવાનગી લેવાની અને લાકડાનાં પરિવહન તેમજ સંગ્રહ માટે વન વિભાગની મંજૂરી લેવાનીકાયદાકીય જોગવાઈ છે.

કેટલાંક એકમો દ્વારા લાકડા ગેરકાયદેસર કટિંગ, વહન અને સંગ્રહ માટે ગ્રામપંચાયત અને સરપંચોનાં લેટરપેડનાં આધારે ઝાડ કાપીને જી.આઈ.ડી.સી વિસ્તારમાં વેચાણ કરતા હોવાનું તપાસદરમ્યાન ધ્યાનમાં આવ્યું હતું. આ અંગે

પંચાયતો અને સરપંચ વિરુદ્ધ પણ કાયદાકીય કાર્યવાહી હાથ ધરવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

---

## Bhavnagar death

ભાવનગરના જલાલપરની કેરી નદીના ડેમમાં ડૂબી જતા 15 વર્ષના કિશોરનું મોત નિપજ્યું છે. જિલ્લાના વલ્લભીપુરમાં જલાલપર ગામની કેરી નદીના ચેક ડેમમાં રવિવારે બપોરે નાહવા પડેલા પરેશ અરવિંદભાઈ સોલંકીનું ડૂબી જતાં કરુણ મોત નિપજ્યું છે. આ ચેક ડેમમાં તાજેતરમાં જ સૌની યોજના અંતર્ગત  નર્મદા ડેમમાંથી પાણી ભરવામાં આવ્યું હતું. આ બનાવથી ગામમાં ભારે શોકની લાગણી ફેલાઈ ગઈ હતી.

---

## POICHA- DURGHATNA UPDATE

તાજેતરમાં પોઇચામાં સાત વ્યક્તિઓના ડૂબી જવાની ઘટના બન્યા બાદ નર્મદા જિલ્લા તંત્ર દ્વારા નર્મદા નદીમાં સ્નાન અથવા કોઈપણ જાતની વિધિ કરવા માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

નર્મદા નદી તટથી લગભગ એક કિલોમીટર દૂરથી જ મુલાકાતીઓને રોકવામાં આવે છે અને ખાસ કરીને પોઇચા મંદિર પાસેથી જ બેરીકેટ લગાવી દેવામાં આવ્યા છે.

---